| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|


**તા.૧૧/૦૨/૨૦૨૩  શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૨૬૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૭ વ્યક્તિઓને ઝડપી, ૭૬ લીટર દેશી દારૂ અને ૫ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૭,૩૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૨૭૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૨૭૧/૨૦૨૩

**સેટેલાઈટઃ** અપુર્વ હરિતકાંત દેસાઈ (ઉ.વ.૭૦) (રહે. હિમ્મતલાલ પાર્ક વિભાગ-૧ આઝાદ સોસાયટી પાસે સેટેલાઈટ) એ તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૦૧/૨૦૨૩ સવારના ૫/૦૦ થી તા.૨૫/૦૧/૨૦૨૩ રાતના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજા તેમજ બારીના લોક તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા તેમજ ચીજ વસ્તુઓ મળી કિમત રૂપિયા ૧,૬૭,૯૫૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એ.રાઠોડ ચલાવે છે.

## ચોરીઃ-  સમાચાર યાદી નં.૨૭૨/૨૦૨૩

**સાબરમતીઃ** લલીતભાઇ મદનલાલ જોષી (ઉ.વ.૫૩) (રહે. કૃષ્ણમ સ્ટેટ્સ આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ સાબરમતી) એ તા.૧૦/૦૧/૨૦૨૩ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે લલીતભાઈ જોષીના ઘરે કામ કરતા પુનમબહેન પ્રકાશભાઇ ભૈયા (રહે. મહાદેવવાસ શાક માર્કેટની બાજુમાં નવા વાડજ) તા.૦૯/૦૨/૨૦૨૩ સવારના ૯/૦૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાનમાં સોનાની બંગડી નંગ-૨ કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૭૩/૨૦૨૩**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** પ્રિયાંશી ડો/ઓ મહેશભાઈ રાઠોડ (ઉ.વ.૧૬) (રહે. હીરા લક્ષ્મી ફ્લેટ બહેરામપુરા કાગડાપીઠ) તા.૦૭/૦૨/૨૦૨૩ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે ક્રિશ્ચિયન સોસાયટી સામેથી એક્ટીવા ચલાવી પસાર થઈ રહી હતી ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી એક્ટીવાને ટક્કર મારતા પ્રિયાંશીને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એસ.વી.પી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૯/૦૨/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગે તેનુ મૃત્યું નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર પ્રિયાંશીના પિતા મહેશભાઈ રાઠોડે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.એસ.રબારી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૭૪/૨૦૨૩**

**શહેરકોટડાઃ** હરીશભાઇ પ્રતાપભાઇ ઠાકોર (ઉ.વ.૪૨) (રહે. તુલસીદાસ સ્લમ ક્વાટર્સ તિરૂપતી એસ્ટેટ સામે સરસપુર) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૨/૨૦૨૩ કલાક ૧૧/૫૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ જગતસિંહ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** ચિરાગ સ/ઓ બિપીનભાઈ ચાવડા (ઉ.વ.૨૧) (રહે. ચામુંડા નિવાસ કેવડાજીની ચાલી ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૩ રાતના ૯/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર મારૂતિરાવ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** રાજુબહેન વા/ઓ ધર્મેશભાઇ ગામેતી (ઉ.વ.૨૯) (રહે. શ્રીનાથ કોર્પોરેશન નામના ભંગારના પીઠામાં આસોપાલવનગર સામે અંબિકારોડ અમરાઇવાડી) (મુળ વતન. ગામ-પિંપારળા થાના રાજનગર જી-રાસમંત રાજસ્થાન) એ બિમારીથી કંટાળી તા.૧૦/૦૨/૨૦૨૩ બપોરના ૩/૦૦ થી ૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**વટવાઃ** વટવા સદભાવના ચાર માળીયા બ્લોક નંબર-૬૮/૨૧૭૧ ખાતે રહેતા ઇકરામુલ સ/ઓ રસીદભાઇ અંસારી (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ-ચંદરપુરા પોસ્ટ-ચલના જી-બાકા બિહાર) એ અગમ્ય કારણસર તા.૦૯/૦૨/૨૦૨૩ બપોરના ૧૨/૧૫ વાગ્યાના સુમારે રહેણાંકના ધાબા ઉપરથી પડતું મુકતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન રાતના ૮/30 વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.બારૈયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી